સુવિચાર : પૈસા, પદવીનો વળી વિશેષ શો વિશ્વાસ? રાવણ કેરી સિદ્ધિ પણ પળમાં પામી નાશ - અખંડ આનંદ

**તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૬૨ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૫૧ | ૧૦ ઓગસ્ટ, ૨૦૧૫, સોમવાર ; અષાઢ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- નફો કરતા પીએસયુને આઈપીઓ પ્લાન રજૂ કરવાની સૂચના અપાશે
- બિહાર ૧૫ વર્ષથી જંગલરાજ હેઠળ : અમિત શાહનો આક્ષેપ
- બિહારમાં જંગલરાજ-૨ને તક ન આપવાની લોકોને મોદીની અપીલ
- બિહારમાં ૨૯મી નવેમ્બર પહેલા ચૂંટણીને પૂર્ણ કરાશે
- બિહાર બિમાર રાજ્ય નથી : નીતિશકુમારનો દાવો
- કોંગ્રેસ દેશને નુકસાન કરી રહી છે : વેંકૈયાનો આક્ષેપ
- ભારે વરસાદ વચ્ચે અમરનાથ યાત્રા બીજા દિવસે પણ મુલત્વી
- ટોપ ૩ ગ્લોબલ માર્કેટમાં ભારત ટૂંકમાં આવી જશે
- રેલવે નૂર ઓપરેશન માટે ટાઇમ ટેબલ જાહેર કરશે
- દેશમાં ૧૮૬૬ નોંધાયેલા રાજકીય પક્ષ : ચૂંટણી પંચ
- કોંગ્રેસ દેશને નુકસાન કરી રહી છે : વેંકૈયાનો આક્ષેપ

# અંકુશરેખા પર ૫૦૦૦ જવાન તૈનાત

## કાશ્મીરના આંતરિક વિસ્તારમાંથી સૈનિકોને ખસેડી અંકુશરેખા ઉપર ગોઠવાયા : આતંકવાદી હુમલાઓ, ઘુસણખોરી વધતા નિર્ણય

શ્રીનગર,તા. ૯

પાકિસ્તાન સાથે સંકળાયેલી સરહદ અને અંકુશરેખા ઉપર ઘુસણખોરીના નવા સ્થળોની સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ ભારતે ઘુસણખોરીને રોકવા માટે એલઓસી ઉપર વધારાના સુરક્ષા જવાનો તૈનાત કરી દીધા છે. ભારતે એલઓસી પર ઘુસણખોરીના નવા સ્થળો ઉપર મજબૂત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી ધી છે. ૫૦૦૦ વધારાના જવાનોની તૈનાતી કરવામાં આવી છે. આર્મીના એક વરિષ્ઠ કમાન્ડોને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે, જમ્મુ કાશ્મીરમાં તાજેતરના આતંકવાદીઓના હુમલા થયા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. નોર્થન આર્મીના કમાન્ડર લેફ્ટી ડીએસ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

# અંકુશરેખા પર ઘુસણખોરીના બે પ્રયાસો : બે ત્રાસવાદી ઠાર

શ્રીનગર,તા. ૯

ઉત્તર કાશ્મીરના કુપવારા જિલ્લાના કેરન સેક્ટરમાં અંકુશરેખા ઉપર ઘુસણખોરીનો એક મોટો પ્રયાસ ભારતીય સેનાએ આજે નિષ્ફળ બનાવી દીધો હતો. સેનાના અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે, કેરન સેક્ટરમાં જુમાગુંદનાર ખાતે અંકુશરેખા પેલે પારથી ભારતીય ક્ષેત્રમાં ઘુસણખોરીનો પ્રયાસ પાકિસ્તાની સૈનિકોએ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ત્રાસવાદીઓની હિલચાલને નિહાળ્યા બાદ સૈનિકોએ આતંકવાદીઓને પડકાર ફેંક્યો હતો પરંતુ આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. સામ સામે ગોળીબારની રમઝટ જામી હતી. છેલ્લા ૨૪ કલાકની અંદર અંકુશરેખા નજીક આતંકવાદીઓ અને સેના વચ્ચે બીજી અથડામણ થઈ છે. કુપવારાના તંગધાર સેક્ટરમાં ગઈકાલે મોડીરાત્રે એક અથડામણ થઈ હતી જેમાં એક સૈનિકનું મોત થયું હતું અને અન્ય બે ઘાયલ થયા હતા. ગુરદાસપુરમાં હુમલા બાદ ઘુસણખોરીનો સિલસિલો જારી રહ્યો છે. આ અથડામણમાં ભારતીય જવાનોએ બે આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા.

# નેપાળમાં પુનઃ ધરતીકંપ

## ૪.૧ની તીવ્રતાના હળવા આંચકાથી લોકોમાં ફરી દહેશત

કાઠમંડુ,તા. ૮

નેપાળમાં આજે ફરી એકવાર ૪.૧ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ આવ્યો હતો. આની સાથે જ નેપાળમાં તાજેતરના સમયમાં આવેલા વિનાશકારી ભૂકંપની યાદ તાજી થઈ ગઈ હતી. પાટનગર કાઠમંડુમાં આજે સવારે આંચકા અનુભવાયા હતા. કાઠમંડુથી ૧૧૦ કિલોમીટર પૂર્વે સિંધુપલચોક જિલ્લામાં ભૂકંપનું કેન્દ્ર હતું. ગઈકાલે પણ ૪.૧ અને ૪ની તીવ્રતાના આંચકા આવ્યા હતા. ૨૫મી એપ્રિલના દિવસે વિનાશક ભૂકંપ બાદથી છેલ્લા ૧૦૦ દિવસમાં ચાર અથવા તેનાથી વધુની તીવ્રતાના ૩૭૪ આંચકા આવી ચુક્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે એપ્રિલમાં નેપાળમાં ૭.૮ની તીવ્રતા સાથે પ્રચંડ ભૂંકપ આવ્યો હતો. જેમાં ૨૦ હજાર લોકોના મોત થઈ ગયા હતા. સાથે સાથે લાખો લોકો ઘાયલ થયા હતા.ભારતની નજીક આવેલા નેપાળ સાથે જોડાયેલા વિસ્તારમાં ભારે નુકસાન થયુ હતુ.

# કોંગ્રેસની જનતા રેડ સફળ : મુખ્યમંત્રીના બંગલા પાછળથી દારૂનો જથ્થો ઝડપાયો

## દેશી દારૂ ગાળવા વપરાતા વોશના ૭૫ જેટલા ડબ્બા અને ગોળનો મસમોટો જથ્થો મળ્યો
## દેશી દારૂની ફેક્ટરી પકડીને મહિલા કોંગ્રેસે સરકાર અને પોલીસનું નાક વાઢી નાખ્યું...




(તસવીર : વિપુલ ચૌહાણ)

### જનતારેડથી ગાંધીનગર પોલીસ દોડતી થઈ

મહિલા કોંગ્રેસની જનતારેડની જાહેરાતથી જ ગાંધીનગર પોલીસ આગળની રાતથી દોડતી થઈ ગઈ હતી. સ્થાનિક પોલીસમથકના અમલદારોએ વિવિધ ટુકડીઓ દરોડો પાડવા મોકલી દીધી હતી. સેક્ટર-૨૧ પોલીસે શનિવારે રાત્રે દરોડા પાડ્યા હતા જ્યારે પેથાપુર પોલીસે સવારે જ વાસણીયા મહાદેવ, રાંધેજામાં ૪ દરોડા પાડી કાર્યવાહી કરી હતી. તો બીજી તરફ ચિલોડા પોલીસે ઈસનપુર ગામમાંથી ૧૦ લીટર દેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને પકડ્યો હતો. અને ઈન્ફોસીટી તથા અડાલજ પોલીસ પણ દોડતી રહી હતી.

ગાંધીનગર, તા. ૯

મહિલા કોંગ્રેસ દ્વારા દારૂ-જુગારના અડ્ડાઓ પર 'જનતા રેડ'ની જાહેરાત કર્યા પછી મોટાભાગના દારૂ-જુગારના અડ્ડાઓ રાજ્યભરમાં બંધ કરાવી દેવામાં આવ્યા હતા. તેમ છતા મહિલા કોંગ્રેસે રાજ્યના પાટનગરમાં મુખ્યમંત્રી નિવાસસ્થાનની બિલકુલ પાછળ આવેલા બોરીજ ગામમાં જનતા રેડ કરીને દેશી દારૂની ભઠ્ઠીઓ પકડી પાડતા સરકાર અને પોલીસતંત્ર બંનેનું નાક વઢાઈ ગયું છે. બોરીજમાંથી ૭૫ જેટલા દેશી દારૂના વૉશ ભરેલા ડબ્બા, અન્ય સામાન મળી આવ્યો હતો. પોલીસ પણ જનતારેડની વાત સાંભળીને દોડતી થઈ ગઈ હતી.

ગાંધીનગર મહિલા કોંગ્રેસે આજે મંત્રી નિવાસની પાછળ સ્થિત બોરીજ ગામમાં સાબરમતી નદીના

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની કચેરી માટે બહુમાળી ભવનનો સંપૂર્ણ કબ્જો સોંપવાનો પ્રસ્તાવ સામાન્ય સભામાં કરાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગરપાલિકાને મહાનગર સેવાસદનનો સંપૂર્ણ કબ્જો સોંપી દેવો જોઈએ તેવી માંગણી કરતો પ્રસ્તાવ આગામી ૧૭મીએ મળનારી સામાન્ય સભામાં કરાશે.

**૧૦ હજાર ચો.મી.નો પ્લોટ ફાળવવાની માંગ સરકારે સિફતપૂર્વક ટાળતાં બહુમાળી ભવનમાં જગ્યા ફાળવી છે**

ગાંધીનગર મહાનગરપાલિકાની મેયર શ્રીમતિ હંસાબેન મોદીના અધ્યક્ષપદે ૧૭મીએ મળનારી સામાન્ય સભામાં સે. ૨૧ ખાતે પાયલોટ પ્રોજેક્ટ સોલિડ વેસ્ટ નિકાલનો હાથ ધરવા માટે પણ પ્રસ્તાવ પસાર કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ૨૦૧૦માં રચના પછી મહાનગરપાલિકાને જુના જીલ્લા સેવા સદનમાં જગ્યા ફાળવવામાં આવી હતી. આ પૂર્વે તે જુના સચિવાલય ખાતે નોટીફાઈડ એરિયા કચેરીના બેનર તરીકે કાર્યરત હતુ. સેવાસદનમાં પ્રથમ તબક્કે પહેલો માળ અને ચોથો માળ ફાળવવામાં આવ્યા હતા.

આ પછી ધીરે ધીરે કોર્પોરેશનમાં અન્ય સ્ટાફની નિયુક્તી અને કામગીરી વધતાં સરકારે બીજી જગ્યાની પણ ફાળવણી કરી હતી. હવે કોર્પોરેશનની કામગીરીમાં સારો એવો વધારો થવા પામ્યો છે તેમજ સ્ટાફ પણ વધ્યો છે ત્યારે સમગ્ર સેવાસદન સંકુલનો જ હવાલો સોંપવાની માંગણી કરવામાં આવશે.

મહાનગરપાલિકાએ અગાઉ ગાંધીનગરમાં 'ચ' રોડ પર ૧૦ હજાર ચો.મી.નો પ્લોટ ફાળવવાની માંગ કરી હતી પરંતુ સરકારે તે વાતને સિફતાઈથી ટાળી દઈ જિલ્લા સેવાસદન તેના નવા સંકુલમાં ખસેડાતાં આ નગર સેવા

● અનુસંધાન પાન-૭ પર

**BIG LOANS**
50 LAC to 50 CRORES
- Doctor-CA-Bussiness Loan
- Home @ 9.70%,
- Mortgage@11.5%
- Loan Against CAR-SHARES-GOLD

ANAND ASSOCIATE
9327523525 (Bank Partner)
anandsheth24@yahoo.com

